Managed by Jivan Jyot Trust, Amroli - Surat
J. Z. SHAH ARTS & H. P. DESAI COMMERCE COLLEGE, AMROLI - SURAT
Grant in Aid College Affiliated to Veer Narmad South Gujarat University, Surat
B. A. [Principal - Gujarati & Economics] - B. Com. [Eng. & Guj. Medium]
M. A. [Gujarati, English, Economics] - M. Com. [Accountancy - English & Gujarati Medium]
Re-Accredited 'B++' (CGPA 2.94) by National Assessment And Accreditation Council Sept.-2019 Bengaluru
An ISO 9001 : 2015 Certified Institute
Estd. Year : 1991

**Out Ref. No.: 1021/2020-21**
**Date: 09-04-2021**

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞ મહાશય,
સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપી આભારી કરશોજી.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ.કે.એન.ચાવડા)
આચાર્યશ્રી.

## અમરોલી કોલેજ દ્વારા "ઈંગલીશ ઈમ્પ્રુવમેન્ટ અને સ્કોપ" વિષય પર ૪૩ માં નેશનલ વેબીનારનું આયોજન

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર. વી. પટેલ કોલેજ ઓફ કોર્મસ, વી. એલ. શાહ કોલેજ ઓફ કોર્મસ, સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ તથા અમરોલી દ્વારા તા. ૦૯, એપ્રિલ ૨૦૨૧ શુક્રવારના રોજ "ઈંગલીશ ઈમ્પ્રુવમેન્ટ અને સ્કોપ" વિષય અંતર્ગત **Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book** અને **Instagram** ના માધ્યમથી ૪૩માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. જેમાં મુખ્ય વકતા તરીકે સ્કોપ ટ્રેઈનર શ્રી અરૂલ પિલ્લાઇ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ કોલેજના ૬૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. આદરણીયશ્રી અરૂલ પિલ્લાઇએ જણાવ્યું કે, અંગ્રેજી આપણી માતૃભાષા નથી પરંતુ અંગ્રેજી ભાષાને વિશ્વની સામાન્ય વ્યવહારની ભાષા તરીકે માન્યતા મળી છે. ગ્લોબલાઇઝેશન અને ઈન્ટરનેટના યુગમાં દરેક વિદ્યાર્થીઓએ અંગ્રેજી ભાષા શીખવી જ જોઇએ જેવા હેતુથી વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષા પ્રત્યે રૂચિ જાગે, સરળતાથી કઇ રીતે અંગ્રેજી ભાષામાં વ્યવહાર કરી શકે, તેમજ અંગ્રેજી શીખી શકે તેવા હેતુથી આ વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. શ્રી અરૂલ પિલ્લાઇએ વધુમાં જણાવ્યું કે વિદ્યાર્થીઓએ અંગ્રેજી ભાષાનો ડર છોડીને પોતાના વિવિધ ગ્રુપ બનાવી દરરોજ ૨૫ મિનિટ જેટલી જેવું પણ આવડે તેવું અંગ્રેજી ભાષામાં વાત કરવી જોઇએ. અંગ્રેજી શીખવા માટે અંગ્રેજી ન્યુઝ પેપર, વિવિધ મેગેઝિન તેમજ વિવિધ અંગ્રેજી મુવી, ક્રિકેટ કોમેન્ટરી જેવા રસના વિષયો ઉપર અંગ્રેજીમાં વધુને વધુ વાંચન અને અંગ્રેજીમાં સાંભળવાથી અંગ્રેજી ભાષાનો ડર દુર કરી આત્મવિશ્વાસ વધારી શકાય છે. ગુજરાતના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષાનું વ્યવહારૂ જ્ઞાન વધે તે માટે વર્ષ ૨૦૦૭માં **Society for Creation Opportunity through Proficiency in English (SCOPE)** ની સ્થાપના કરવામાં આવી હતી. તેમજ વિશ્વની પ્રખ્યાત કેમબ્રિજ યુનિવર્સિટી સાથે **MOU** કરીને વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન વધે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા **SCOPE** ની વિવિધ પરીક્ષા લઇ પ્રયત્ન કરવામાં આવ્યા છે. અહિ ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે અમરોલી કોલેજને સમગ્ર ગુજરાતમાં સ્કોપ પરીક્ષા માટે સૌથી વધુ વિદ્યાર્થીઓની નોંધણી કરાવવા બદલ કેસીજી, અમદાવાદ દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો હતો.

તેમણે દર્શક મિત્રોના પ્રશ્નોના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય સ્કોપ ટીમ મેમ્બર મિસ. દિપ્તી ગઢવી તેમજ આભારવિધિ પ્રા. મેધા કે. જોષીએ કરી હતી. વેબીનારનું સંચાલન જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઇ શાહ, અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, ડૉ. સેજલ દેસાઇ, ઇનચાર્જ પ્રિ. ડૉ. મુકેશ ગોયાણી, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મેહુલ શાહ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું.

**You Tube Link: https://youtu.be/ZNDik0ZJxdo**

E-mail : principal@acs.ac.in Website : www.acs.ac.in Ph. No. : (0261) 2499382-2495288-2495600-2409002 +91 90991 33386
At. & Post : AMROLI-SURAT-394107, STATION : UTRAN (W.R.), TA. CHORYASI, DIST : SURAT, GUJARAT (INDIA)